ઈલ્મ (જ્ઞાન અને વિદ્યા)ની શાખાઓ અને તેનાં કાર્યક્ષેત્રો

જે જ્ઞાન અને વિદ્યાઓના શિક્ષણ અને અભ્યાસની મુસલમાનોએ વ્યવસ્થા કરી હતી તે બે પ્રકારની છે : એક મૂળભૂત અથવા પાયાના શિક્ષણની વ્યવસ્થા, અને બીજી ગૌણ કે સહાયક શિક્ષણની વ્યવસ્થા.

પાયાનું કે મૂળભૂત જ્ઞાન અને વિદ્યાઓ :

આ એ જ્ઞાન અને વિદ્યાઓ છે, જે કુર્આન અને સુન્નત, દીનના સિદ્ધાંતો, સાહિત્ય અને ઇતિહાસ વગેરેથી સંબંધિત છે અને આ વિદ્યાઓના શોધકો સ્વયં મુસલમાનો છે. કોઈ બીજાથી તેમણે લીધેલ નથી. એ વિદ્યાઓ આ પ્રમાણે છે :

કિરા'તની વિદ્યા :

કુર્આને-કરીમની સાથે-સાથે કિરા'તની વિદ્યા ઉદય પામી. હઝરત જિબ્રઈલ ﷺ હુઝૂર અકરમ ﷺ ને કુર્આને-કરીમ લોકોની ભિન્ન-ભિન્ન શૈલી અને તેમની સરળતા ખાતર એકથી વધારે પદ્ધતિથી પઢાવતા હતા. સહાબા કિરામ હિફ્ઝે-કુર્આન (કુર્આનને કંઠસ્થ કરવું), તેના સંકલન અને તેના શિક્ષણનું ખૂબ ધ્યાન રાખતા હતા. સહાબા કિરામમાં પ્રસિદ્ધ 'કુર્રા' (એવા સહાબા, જેઓ સાચા ઉચ્ચારણો સાથે કુર્આનનું પઠન કરી શકતા હતા) આ પ્રમાણે છે : હઝરત અલી બિન અબી તાલિબ, ઉસ્માન બિન અફ્ફાન, ઉબ્બી બિન કઅબ, ઝૈદ બિન સાબિત, અબૂ મૂસા અલ-અશ્અરી, સાલિમ મૌલા અબૂ હુઝૈફા, અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, અબૂ દરદા અને મઆઝ બિન જબલ વગેરે ﷺ.

આ સહાબા કિરામ પાસેથી બીજા સહાબા કિરામ અને મહાન તાબેઈને જુદા-જુદા દેશોમાં જ્ઞાન પ્રાપ્ત કર્યું, વિભિન્ન લોકો કુર્આને-કરીમની તિલાવત જુદી-જુદી શૈલી અને ઢબથી કરતા રહ્યા, ત્યાં સુધી કે સાત પ્રખ્યાત 'કુર્રા'નો જમાનો આવ્યો, જેઓ નીચે પ્રમાણે છે :

- ૧,૨ — બસરામાં અબૂ અમ્ર બિન આ'લા અને આસિમ.
- ૩ — મદીનામાં નાફેઅ.
- ૪,૫ — કૂફામાં હમઝા અને કસાઈ.
- ૬ — શામ (સીરિયા)માં અબ્દુલ્લાહ બિન આમિર.
- ૭ — મક્કામાં ઇબ્ને કસીર.

આમણે કિરા'તની શૈલી અને ઢબ તેમજ રિવાયતો (નોંધો)નું ખૂબ ધ્યાન રાખ્યું અને તેના માટેના નિયમો બનાવ્યા. આ રીતે કિરા'તની વિદ્યાનો વિકાસ થયો.

www.uzaifalahi.com

કિરા'ત એ 'કર્રાહ'નું બહુવચન છે, જેનો શાબ્દિક અર્થ 'પઢવું' (વાંચવું) થાય છે, અને તેનો પારિભાષિક અર્થ કિરા'તના નિષ્ણાતોમાંથી કોઈ એક નિષ્ણાતની કિરા'ત અનુસાર કુર્આન-મજીદને પઢવું થાય છે, જે અક્ષરોને બોલવામાં અને તેના ઉચ્ચારણમાં બીજા નિષ્ણાતોથી ભિન્ન હોય છે. મુસલમાનોએ આ કિરા'ત કરનારા નિષ્ણાતોના બંધારણ અને સંકલન, તેના નિયમો, તેના નિષ્ણાતો અને નોંધો, તેની સનદો અને તેમના વચ્ચે રહેલા ફરકને વર્ણવવામાં ખૂબ કાળજી રાખી છે. આ વિષયોના પુસ્તકો નીચે દર્શાવેલ છે :

૧. અલ-તૈસિર ફી અલ-કિરા'અત અસ્-સબ, લે. ઈબ્ને સૈરાફી (મૃ. ૪૪૪ હિ.)

૨. જામેઅ અલ-બયાન ફી અલ-કિરા'અત અસ્-સબ, લે. અબૂ અમ્ર અદ્-દાની

૩. અન્-નશ્ર ફી અલ-કિરા'અત અલ-અશ્ર, લે. ઈબ્ને અલ-જઝારી (મૃ.૮૩૩ હિ.)

૪. ફી અલ-કિરા'અત અલ-અશ્ર, લે. ઈબ્ને મહરમ અસ્બહાની (મૃ.૩૮૧)

કિરા'તની વિદ્યા અને 'તજવીદ' (કુર્આનને તેના સાચા ઉચ્ચારણો સાથે પઢવા)થી લોકોને કુર્આને-કરીમની સાચી તિલાવત કરવામાં મદદ મળી અને તેને ફેરફારથી સુરક્ષિત રાખ્યું. એ જ રીતે 'તજવીદ'ની વિદ્યાથી અરબી ભાષામાં 'ઇલ્મ અલ-અસ્વાત' (શબ્દ-કોષશાસ્ત્ર)ના વિકાસમાં મદદ મળી. પાછળથી આલિમોએ 'ઇલ્મ અલ-અસ્વાત'ના નિયમો બનાવ્યા અને ભાષા-વિશેષજ્ઞોએ વર્તમાન યુગમાં તેનાથી ખૂબ ફાયદો ઉઠાવ્યો.

ઇલ્મે-તફસીર :

'ઇલ્મે-તફસીર' એ વિદ્યા છે, જેમાં કુર્આને-કરીમના અર્થ અને સમજૂતી, તેના આદેશોની જાણકારી, આસ્થાથી સંબંધિત બાબતો તથા તેમાં રહેલ બુદ્ધિમત્તા અને સમજણ અને અન્ય વસ્તુઓનું વિવરણ હોય છે. ઇબ્ને અબ્બાસ ﷺ એ ફરમાવ્યું કે 'તફસીર' ચાર પ્રકારની હોય છે :

૧. જેને આરબોની વાણીથી જાણવામાં આવે. (અર્થાત્ જેને અરબી ભાષાના શબ્દ-કોષથી જાણવામાં આવે.)

૨. જેની સમજૂતી દરેકને ખબર છે. ('નસ' અર્થાત્ સ્રોત સાંભળતાં જ તેનો અર્થ મનમાં બેસી જાય છે. તેમાં કોઈપણ પ્રકારની સંદિગ્ધતા કે અનિશ્ચિતતા નથી હોતી.)

૩. જેની સમજૂતી આલિમોને ખબર છે. (જેને આલિમો અનુમાન અને સંશોધન કરીને મેળવે છે.)

૪. જેની સમજૂતી અલ્લાહ સિવાય કોઈને ખબર નથી. (આ એ બાબતો છે, જેનો સંબંધ ગૈબ અર્થાત્ પરોક્ષ કે અદશ્યથી છે.)

www.uzairfalahi.com

કુર્આને-કરીમની તફસીરની પદ્ધતિઓ :

૧. કુર્આનથી કુર્આનની તફસીર.

૨. સહીહ સુન્નતથી કુર્આનની તફસીર.

૩. સહાબીના કથનથી કુર્આનની તફસીર.

૪. તાબેઈના કથનથી કુર્આનની તફસીર.

૫. અરબી શબ્દ-કોષથી કુર્આનની તફસીર, કેમ કે કુર્આન સ્પષ્ટ અરબી ભાષામાં અવતરિત થયું છે.

૬. તાવીલ (અભિપ્રાય અને હેતુપૂર્વકના વિચાર-વિમર્શ પછી મત નિર્ધારણ).

કુર્આનની તફસીર ઉપરોલ્લેખિત ક્રમ અનુસાર જ કરવામાં આવશે. એક પદ્ધતિથી બીજી પદ્ધતિમાં ત્યારે જ જઈ શકાય છે, જ્યારે પહેલી પદ્ધતિમાં અપેક્ષિત આયતની તફસીર ન હોય. નબી કરીમ ﷺ એ કેટલીક આયતોની તફસીર કરી છે, પરંતુ આપણા પાસે કોઈ દલીલ નથી કે આપ ﷺ એ આખા કુર્આનની તફસીર કરી છે. તેથી આપણે એટલા જ પ્રમાણમાં રસૂલુલ્લાહ ﷺ ની તફસીર પર સંતોષ માનીશું, જે સહીહ સુન્નતથી આપણા સુધી પહોંચેલ છે.

તાબેઈન અને તેમના પછીના બધા યુગોમાં તફસીર-વિદ્યા હદીસ-વિદ્યાથી અલગ થઈ અને નિરંતર તેના વિશે પુસ્તકો લખવામાં આવતા રહ્યા. તેથી વિભિન્ન તફસીરો અસ્તિત્વમાં આવી. બૌદ્ધિક દૃષ્ટિબિંદુની રીતે આ તફસીરોને બે પ્રકારોમાં વહેંચી શકાય છે :

– તફસીર બિલ-માસૂર : જેમાં કેવળ રિવાયતો (નોંધો) પર વિશ્વાસ કરવામાં આવે છે. આમાં કુર્આનની તફસીર કુર્આનથી, સુન્નતથી, સહાબા અને તાબેઈનના કથનોથી કરવામાં આવે છે. આ વિશે મહત્ત્વના પુસ્તકો નીચે મુજબ છે :

૧. જામેઉલ બયાન ફી તફસીરુલ કુરઆન, લે. ઈબ્ને જરીર તબરી (મૃ. ૩૧૦ હિ.)

૨. તફસીરુલ કુરઆન અલ-આઝમ, લે. ઈબ્ને કસીર (મૃ. ૭૭૪ હિ.)

૩. અલ-દુર્રે મન્શૂર ફીત્-તફસીર અલ-માસૂર, લે. જલાલુદ્દીન અલ-સુયૂતી (મૃ. ૯૧૧ હિ.)

– તફસીર બિર્-રાય : તફસીર કરવાની એક શૈલીનું નામ ‘તફસીર બિર્-રાય’ છે, જેમાં કુર્આનની તફસીર ઈજ્તિહાદ (શરીઅતે દર્શાવ્યા અનુસાર હેતુપૂર્વકના વિચાર-વિમર્શ પછી સંશોધન), નિષ્કર્ષ, અરબી ભાષા, શબ્દોના અર્થ, તફસીરે-માસૂર, આયતોના અવતરણ, પરિબળો અને પશ્ચાદ્ભૂમિ, નાબૂદ કરવા અને રદબાતલ ઠેરવવા દ્વારા થાય છે. આમાં કુર્આનની તફસીર માટે આવશ્યક જ્ઞાન અને વિદ્યાઓ સંપૂર્ણપણે શીખી લીધા પછી આલિમ પોતાની કોશિશ કરે છે. આ વિશે મહત્ત્વના પુસ્તકો નીચે મુજબ છે :

www.uzairfalahi.com

૧. મફાતિહુલ ગૈબ, લે. ફખ્રુદ્દીન રાઝી (મૃ. ૬૦૬ હિ.)

૨. અલ-બહ્રુલ મુહીત, લે. અબૂ હૈયાન ઉન્દલૂસી (મૃ. ૭૪૫ હિ.)

૩. ઈરશાદુલ અક્લ અલ-સલીમ, લે. અબૂ સઊદ અલ-ઈમાદી (મૃ. ૯૧૧ હિ.)

૪. રૂહુલ-મ'આની, લે. આલૂસી (મૃ.૧૨૭૦ હિ.)

વર્તમાન યુગમાં આદરણીય આલિમોએ કુર્આનની તફસીર કરી છે. આ તફસીરો નીચે મુજબ છે :

૧. તફસીર અલ-મનાર, લે. મુહમ્મદ રશીદ રઝા

૨. ફી ઝિલાલિલ-કુરઆન, લે. સૈયદ કુત્બ

૩. તફસીરુલ-કુરઆન, લે. અશ્-શૈખ અલ-મરાગી

૪. તફહીમુલ કુરઆન, લે. સૈયદ મૌદૂદી

૫. તદબ્બુરે-કુરઆન, લે. અમીન અહસન ઈસ્લાહી

૬. તફસીર દા'વતુલ-કુરઆન, લે. શમ્સ પીરઝાદા

આ જ પ્રમાણે વર્તમાન યુગમાં મુસલમાનોએ કુર્આનના વૈજ્ઞાનિક પાસાઓને પણ ઉજાગર કર્યા છે. આ વિશેની વિગત નીચે મુજબ છે :

૧. તફસીર અલ-જવાહિર, લે. શૈખ તન્તાવી જૌહરી

સમાકાલીન આલિમોએ યુનિવર્સિટીઓમાં સહાબા, તાબેઈન અને તબે-તાબેઈનના કથનોને એકત્ર કરીને રીસર્ચનું કામ કર્યું છે. તેમણે તફસીર અંગેના લેખિત દસ્તાવેજો પર સંશોધન કાર્ય કર્યું. તફસીર-વિદ્યાએ ઈસ્લામી સંસ્કૃતિ માટે મહાન સેવાઓ કરી છે, જેમ કે તફસીર-વિદ્યાથી કુર્આને-કરીમના આદેશોના નિષ્કર્ષ કાઢવામાં અને જીવનના તમામ મામલાઓમાં ઈસ્લામી સંસ્કૃતિના સિદ્ધાંતો અને નિયમોને સ્પષ્ટ કરવામાં મદદ મળી. એ જ પ્રમાણે આ વિદ્યાથી અલ્લાહના ગ્રંથના ઉદ્દેશ્યોને સમજવામાં સહાયતા મળી.

www.uzairfalahi.com